જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૩/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૩૪૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૬૫ લીટર દેશી દારૂ, ૦૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ બિયર ટીન, ૦૧ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૩,૫૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૩૪૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૩૪૫/૨૦૨૬**

કૃષ્ણનગરઃ કૃણાલ મનુભાઇ પટેલ (ઉ.વ.૩૧) (રહે. પ્રમુખ એવન્યુ ન્યુ નરોડા) એ તા.૦૮/૦૩/૨૦૨૬ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૨/૨૦૨૬ કલાક ૪/૪૯ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર +૯૧૮૧૧૨૪૮૫૪૫૬, તથા +૯૧૯૬૬૭૪૬૯૩૫૨ ના ધારકોએ કૃણાલ પટેલને ફોન કરી એક્સિસ બેન્કના કર્મચારી તરીકેની ઓળખ આપી કૃણાલ પટેલના એક્સિસ બેંકના ક્રેડીટ કાર્ડની લીમીટ વધારી આપવાની વાત કરી વિશ્વાસમાં લઈ કૃણાલ પટેલના મોબાઇલમાં એક્સિસ બેંકની એપ્લિકેશન ખોલાવી ક્રેડીટ કાર્ડની ક્રેડીટ લીમીટ ચેક કરાવી ક્રેડીટકાર્ડમાંથી બે ટ્રાન્ઝેકશન કરી કુલ રૂપિયા ૨,૨૯,૭૦૦/– ઓનલાઈન ટ્રાન્સફર કરી મેળવી લઇ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.એચ.જોષી ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૩૪૬/૨૦૨૬**

વાસણાઃ ચિરાગભાઇ રાજુભાઇ દાતણીયા (રહે. ભવાનીનગર અંજલીબ્રિજની બાજુમાં વાસણા) એ તા.૦૮/૦૩/૨૦૨૬ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૩/૨૦૨૬ રાતના ૧૦/૩૦ થી તા.૦૭/૦૩/૨૦૨૬ કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૬૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૬૬,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ડી.જાદવ ચલાવે છે.

વેજલપુરઃ પ્રતાપસિંહ માનસિંહ રાજપુત (રહે. દિવ્યા એપાર્ટમેન્ટ શિવાલય એપાર્ટમેન્ટની બાજુમાં વેજલપુર) એ તા.૦૮/૦૩/૨૦૨૬ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૨/૨૦૨૬ રાતના ૧૧/૦૦ થી તા.૨૬/૦૨/૨૦૨૬ સવારના ૦૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાન આગળ પોતાની દુકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૯૦,૧૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એ.બાબી ચલાવે છે.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ– **સમાચાર ચાદી નં.૩૪૭/૨૦૨૬**

રામોલઃ વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા ડૉક્ટરશ્રી તા.૨૫/૦૨/૨૦૨૬ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે તનમન ચાર રસ્તાથી કર્ણાવતી ચાર રસ્તા તરફ જતા મેદાન આગળ વૃંદાવન રેસીડન્સી સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ડૉક્ટરશ્રીના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સહીત કિમત રૂપિયા ૮૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ડૉક્ટરશ્રીએ તા.૦૮/૦૩/૨૦૨૬ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.રબારી ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૩૪૮/૨૦૨૬**

ઓઢવઃ તોફીક યુસુફભાઇ શેખ (ઉ.વ.૨૨) (રહે. અમનનગર વોરાજીની બિલ્ડીંગ પાસે બુરહાની પાર્ક ટાંકી પાસે કેનાલ રોડ નારોલ) તા.૦૭/૦૩/૨૦૨૬ બપોરના ૦૩/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ ફાયર સ્ટેશન મેટ્રીકસ ફાર્મ કેમ નામની કંપનીમાં શેડના પતરાં ખોલવાની મજુરી કામ કરતા હતા ત્યારે પતરૂં તુટી જતા ઉપરથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને રખિયાલ નારાયણી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૦૮/૦૩/૨૦૨૬ કલાક ૦૧/૩૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિશાલભાઇ જગમાલભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૩૪૯/૨૦૨૬**

સરદારનગરઃ સુનિલકુમાર રમેશભાઇ વછેટા (ઉ.વ.૩૫) (રહે. લક્ષ્મીનગર સોસાયટી સુતરના કારખાના નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૩/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ થી રાતના ૦૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર જયંતીલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી